bluebytes
news that matters

દિવ્ય ભાસ્કર

Saturday, November 07, 2009

**Pictorial warnings on tobacco products ineffective!**

Publication: Divya Bhaskar, Edition: Mumbai, Journalist: Bureau, Page No: 2, Location: Middle-Center, Width(cms): 13, Height(cms): 12, Size(sq.cms): 156

# તમાકુની ચીજો પર તસવીરી ચેતવણી બિનઅસરકારક હોવાનું તારણ

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

૩૧મી મે-૨૦૦૯થી બધી તમાકુની ચીજો પર તસવીરી ચેતવણી ફરજિયાત કરવામાં આવી હોવા છતાં તેનું સરિયામ ઉલ્લંઘન થઈ રહ્યું છે અને તે મોટે ભાગે બિનઅસરકારક છે, એવું હીલિસ સખસેરિયા ઈન્સ્ટિટ્યૂટ ફોર પબ્લિક હેલ્થના અધ્યયનમાં બહાર આવ્યું છે. ત્રણ અધ્યયનમાંથી આ તારણ નીકર્યું છે. આ પરિણામોમાં એ હકીકત બહાર આવી હતી કે મોટા ભાગનાં પેકેજોમાં ફરજિયાત ૪૦ ટકા જગ્યા આવરી લેવાના ફરજિયાત નિયમનું ઉલ્લંઘન થાય છે. અમુક પેકેજોમાં ફક્ત ૧૦ ટકા જગ્યામાં જ ચેતવણી દેખાય છે. ચેતવણી મોટે ભાગે અંગ્રેજીમાં હોય છે અને તેનાથી હેતુ સરતો નથી, પરંતુ મૂંઝવણ વધે છે. ફેફસાના એક્સ-રેની એક તસવીર લગભગ કોઈને જ સમજાય નહીં એવી છે અને ચેતવણીઓ અત્યંત અવૈજ્ઞાનિક છે.

ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર ડો. પી.સી. ગુપ્તાએ જણાવ્યું હતું કે તમાકુની ચીજો પર તસવીરી ચેતવણીનો આ મુદ્દો લાંબા સમયથી ચાલતો જંગ છે. આ નિયમના અમલીકરણની કથિત તારીખમાં વારંવાર ફેરફારમાં બે વર્ષ વીતી ગયાં હતાં. હવે અમલ થયો છે ત્યારે આરોગ્ય-કુટુંબ કલ્યાણ મંત્રાલયમાં તેના અમલીકરણમાં કટિબદ્ધતાનો સ્પષ્ટ અભાવ જોવા મળી રહ્યો છે. આ અધ્યયનનાં પરિણામો પરથી એવું જોવા મળ્યું છે કે ચેતવણીઓ અસરકારક નથી. તમાકુનો ઉપયોગ આરોગ્ય સામે વ્યાપક જોખમ છે તે સંદેશો બરોબર પહોંચતો નથી.

ટાટા મેમો. હોસ્પિટલમાં માથું-ગળાની શસ્ત્રક્રિયાના એસોસિયેટ પ્રોફેસર ડો. પંકજ ચતુર્વેદીએ જણાવ્યું હતું કે હું મોઢું, ફેફસું, ગળું વગેરે કેન્સરથી પીડાતા ઘણા દર્દીઓને ઉપચાર આપું છું. મોટે ભાગે તે તમાકુના ઉપયોગથી જ થયેલું જોવા મળે છે. ઘણા દર્દીઓએ મને કહ્યું છે કે તમાકુનો ઉપયોગ આટલો બધો જીવલેણ સાબિત થઈ શકે એવું તેમણે ક્યારેય વિચાર્યું નહોતું. આ પરિણામ વિશે સમયાંતરે લોકોને જાણ કરવાની જરૂર છે. આને લીધે ઘણાનાં જીવન બચાવી શકાશે. તમાકુનાં પેકેજો પર ચેતવણીઓ વધુ મજબૂત અને અસરકારક હોવી જોઈએ.